GUJARAT'S NO. 1
KRISHNA SCHOOL OF SCIENCE
Std 11-12. (ENG. / GUJ. MED.)
Boys & Girls Hostel Facilities Available
Integrated AIEEE / PMT / IIT Course
ADMISSION OPEN
Std. 9th & 10th ENGLISH MED.
PLOT X-26, SECTOR-25, GIDC, NR. CAMBAY SPA & RESORTS, GANDHINAGAR. PHONE : 92280 07565, 98257 45091.

શહેરમાં દૂધના વપરાશ સામે ઉત્પાદનમાં ૨૧ હજાર લિટરની ઘટ

દરરોજ ૧.૫૦ લાખ લિટર દૂધ વપરાય છે : ગરમીના દિવસોમાં પર્યાપ્ત કલેક્શન મળતું નથી : ઉત્પાદનની ઘટ સરભર કરવા બહારની ડેરીમાંથી દૂધ મેળવવું પડશે

ગાંધીનગર, તા. ૧૪

ઉનાળાની આક્રમક ગરમી શરૂ થતા જિલ્લામાં દૂધ ઉત્પાદનનું પ્રમાણ પણ નોંધપાત્ર ઘટ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જ્યારે દૂધ ઉત્પાદનની ઘટ સામે જરૂરીયાતને પહોંચી વળવા બહારની ડેરીમાંથી દૂધનો જથ્થો મેળવવાની ફરજ પડી છે. એક અંદાજ મુજબ શહેરમાં રોજ ૧.૫૦ લાખ લિટર દૂધનો વપરાશ છે. પરંતુ ગરમીના દિવસોમાં શહેરીજનોને દૂધ સપ્લાય કરતી ડેરીમાં ૨૧ હજાર લિટર દૂધની ઘટ પ્રવર્તે છે. આ સ્થિતિ વચ્ચે ગરમીના દિવસોમાં ગાંધીનગરાઓની દૂધની જરૂરીયાત સંતોષવા બહારની ડેરીની મદદ લેવી પડે છે.

ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આકરા ઉનાળે સેક્ટરોની ગલીઓમાં પાણીની પોકાર મંદ સૂરે ઉઠવા પામી છે. જ્યારે આકરી ગરમીના દિવસોમાં માત્ર પાણીની જ નહી પરંતુ દૂધની પણ ઘટ પ્રવર્તી હોવાનું ધ્યાને આવ્યું છે. શહેરમાં દરરોજ ૧.૫૦ લાખ લિટર દૂધનો વપરાશ છે. જ્યારે નગરજનોને દૂધ પુરૂ પાડતી મધુર ડેરીમાં રોજ ૧.૨૯ લાખ લીટર દૂધનું કલેક્શન થાય છે. જેના પરિણામ ગરમીના દિવસોમાં દૂધનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ ન થતા રોજ ૨૧ હજાર લીટરી દૂધની ઘટ ઉભી થાય છે. શિયાળા દરમિયાન દૂધ ઉત્પાદકોને દૂધનુ પર્યાપ્ત ઉત્પાદન મળી રહેતું હોવાથી ઉત્પાદનમાં ઘટનો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી પરંતુ આકરી ગરમીના દિવસોમાં છેલ્લા ૧૫ દિવસથી જિલ્લામાં દૂધ ઉત્પાદન પર વિપરિત અસર થતા આ સમસ્યા ઉદ્‌ભવી છે. શહેરમાં દૂધની જરૂરીયાતને સંતોષવા મધુર ડેરી ખૂટતા જથ્થાને સરભર કરવા અન્ય ડેરી પાસેથી 'મિલ્ક કલેક્ટ' કરે છે. જ્યારે શિયાળા દરમિયાન વધુ પ્રમાણમાં દૂધનું ઉત્પાદન મળતા દૂધનો જથ્થો મધર ડેરીને પણ સપ્લાય કરવામાં આવે છે. પરંતુ હાલ ગરમીના દિવસોમાં દૂધાળા પશુઓની ક્ષમતા ઉપર પણ વિપરિત અશર થતી હોવાના લીધે દૂધની ખેંચ પ્રવર્તી રહી છે. મધુર ડેરીએ દૂધના વપરાશને પૂરો પાડવા અન્ય ડેરીમાંથી કલેક્શન કરવું પડે છે. બીજી તરફ દૂધનો ભાવ વધતા દૂધ ઉત્પાદકોને હવે કિલો ફેટ દીઠ રૂ. ૪૫૦ના બદલે રૂ. ૪૬૦ ચુકવવમાં આવે છે.

ઘઉંની કાપણીમાં મજૂરોની અછત...

ગાંધીનગર જિલ્લાના પૂર્વવિસ્તારમાં શિયાળુ રવિપાક તરીકે ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું હતું. શિયાળાની ઋતુમાં ચાલુ સાલે ઠંડીનું પ્રમાણ જળવાઈ રહેતાં ઘઉંનો પાક સારા પ્રમાણમાં થાય તેવા સંકેતો મળી રહ્યા છે. આમ છતાં રોકડિયા પાકોના ઝોકને લીધે તેની સરખામણીમાં ઘઉંની ખેતીમાં પોષણક્ષમ ભાવો તથા ઉપજખર્ચના આંકડા ન મળતાં ખેડૂતોમાં ઘઉંની ખેતીથી વિમુખ બન્યા હતાં. આમ છતાં ઘરવપરાશ માટેના ઘઉંની જરૂરિયાત રહેતાં અમુક ખેડૂતોએ ઘઉંનું વાવેતર કર્યુ હતું. હાલમાં એપ્રિલ માસમાં ઘઉંની કાપણીની કામગીરીના સમયે ખેત મજૂરોની અછત જણાતાં ખેડૂતો વલખાં મારી રહ્યા છે. એકબાજુ ઓચિંતો હવામાનમાં પલટો આવતાં વાદળછાયા વાતાવરણથી ઘઉંનો પાક લેવામાં વિલંબ થઈ રહ્યો છે. આમ ઘઉંની સીઝનમાં ખેત મજૂરો-અન્ય ધંધા રોજગારમાં જોડાતાં હાલમાં ઘઉંની કાપણી-લણણીની કામગીરીમાં મજૂરોની તીવ્ર અછત સર્જાતાં ખડૂતોના હાથમાં આવેલો કોળીયો ઝૂંટવાઈ જાય તેવી ભીતી વર્તાઈ રહી છે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગરમીમાં ઘટાડો : મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીએ પહોંચ્યું

અપર એર સાયક્લોનના કારણે વાતાવરણમાં આવેલો પલ્ટો વાતાવરણમાં વારંવાર બદલાવથી રોગચાળાનો ભય

ગાંધીનગર, તા. ૧૪

શહેરમાં વાદળછાયા વાતાવરણની સાથે ગરમીમાં ઘણો ઘટાડો નોંધાયો છે. જો કે વાતાવરણમાં ભેજ વધુ હોવાથી પરસેવો ખુબ થતો હતો.

ઉનાળાની કાળઝાળ ગરમી છેલ્લા બે-ત્રણ દિવસથી સાવ ગાયબ થઈ ગઈ છે. કુદરતે મિજાજ બદલતા આકાશમાં વાદળો ઘેરાયા હતા અને જોરદાર વંટોળ ફૂંકાયો હતો. ગુજરાતના કેટલાક સ્થળોએ વરસાદ અને કરાં પડ્યા હતા. હવામાનખાતાએ વાતાવરણમાં આવેલો પલ્ટો અપર એર સાયક્લોનના કારણે હોવાનું જણાવ્યું હતુ. આની અસરરૂપે ગાંધીનગરમાં મહત્તમ તાપમાનમાં સારી એવી ગીરાવટ આવી છે. મહત્તમ તાપમાન ૩૭.૦ ડિગ્રીએ પહોંચી જતા ખુબ રાહત રહી હતી. જો કે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી જેટલું રહ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૬૧ ટકા અને સાંજે ૩૪ ટકા રહ્યું હતું. ભેજનું પ્રમાણ વધતા પરસેવો ખુબ થતો હતો. પંખો ફૂલસ્પીડે ચાલતો હોવા છતાં જાણે અસર કરતો ન હતો. દરિયાકાંઠે હોય તેવા વાતાવરણનો અનુભવ થતો હતો. વાતાવરણમાં વારંવાર બદલાવ આવતા રોગચાળાનો ભય ફેલાયો છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર કોર્પોરેશનની ક્રિકેટ ટીમ સેમીફાઈનલમાં જામનગર કોર્પોરેશનની સામે પરાજીત થતાં મેયર કપ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે. ● ગાંધીનગર કોર્પોરેશનની ટીમે ગઈકાલે જામનગર સામે ૧૩૪ રન ૮ વિકેટે નોંધાવ્યા હતા. જેમાં હર્ષજીત પંડ્યા અને કાર્તિક પટેલે ૮૦ રનની વિકમી ભાગીદારી પ્રથમ વિકેટ માટે નોંધાવી હતી. જો કે કોર્પોરેશનની ટીમે સાત કેચ છોડ્યા હોવાની વાતો પણ બહાર આવી છે. ● આજે ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા, શ્રી રમણભાઈ વોરા પુષ્પાંજલિ આપી ગયા ત્યારબાદ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમન વિંઝુડા, કાઉન્સીલરો શ્રીમતિ રમીલાબેન પરમાર, સંદીપ જ્યોતિકર સહિતના આગેવાનો પણ જોડાયા હતા. ● ગાંધીનગર શહેરને સોલાર સીટી બનાવવાના ભાગરૂપે ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સોલાર સ્ટ્રીટ લાઈટો નાખવામાં આવી રહી છે. ● પલ્સ પોલિયો અભિયાનને લઈ બી.એસ.એન.એલ. સેવાઓમાં વિશેષ પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ● લગ્નસરાની મોસમ આજથી જ આરંભાઈ છે પણ ગરમીમાં રાહતને લઈ લગ્નોત્સુકોએ રાહત અનુભવી હતી.

બાલોદ્યાનમાં તળાવ આસપાસ પેવર બ્લોકનું કામ શરૂ થશે

વહીવટી મંજૂરી આપી દેવાતાં મહિનાના અંતમાં કામ આરંભાશે

ગાંધીનગર, તા. ૧૪

સે. ૨૮ બાલોદ્યાનના તળાવની રોનક નિખારવા તળાવ ફરતે રૂ. ૨૨ લાખના ખર્ચે પેવરબ્લોકનું કામ હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરી સંદર્ભે વિભાગ કક્ષાએથી વહીવટી મંજૂરી આપી દેવાતા મહિનાના અંત સુધીમાં કામ શરૂ કરી દેવાશે.

છેલ્લા એક દાયકાથી સહેલાણીઓમાં આકર્ષણ ગુમાવી ચુકેલા સે. ૨૮ના બાલોદ્યાનને મરણ પથારીએથી બેઠા કરી તબક્કાવાર નવા રૂપરંગ આપવામાં આવી રહ્યા છે. જ્યારે ગત વર્ષ દરમિયાન બાલોદ્યાનમાં વર્ષોથી બંધ પડેલી ભૂલકાઓની મીની ટ્રેઈનને પણ ગ્રીન સિગ્નલ આપી દેવાતા ઉદ્યાનની રોનક પાછી નિખરી ઉઠી છે. જ્યારે મીની ટ્રેઈન શરૂ કરવાની સાથે પ્લેટફોર્મની પણ કાયાપલટ કરવામાં આવી છે. આ ઉપરાંત ઉદ્યાનમાં હરિયાળી નિકારવા બાગાયત તંત્ર દ્વારા અગાઉ લોનનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે બાલોદ્યાનના તળાવને નવીન રૂપરંગ આપવા અગાઉ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તબક્કે તળાવને પાણીથી છલકતુ રાખવા બાલોદ્યાનમાં વર્ષોથી બંધ પડેલા સંપને ચાલુ કરી દેવાયો હતો. પરંતુ તળાવ રીનોવેશન અને પાણીમાં મશીન બોટ મુકવાનું આયોજન પડતુ મુકવામાં આવતા તળાવ વિકાસની કામગીરી ખોરંભે પડી હતી. જ્યારે હવે બાલોદ્યાનના તળાવ આસપાસ ગંદકી થતી અટકાવવા પેવર બ્લોકનું કામ હાથ ધરવામાં આવનાર છે. રૂ. ૨૨ લાખના ખર્ચે હાથ ધરાનારી આ કામગીરી સંદર્ભે અગાઉ વિભાગ કક્ષાએ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. વહીવટી મંજુરી આપી દેવાતા ચાલુ મહિનાના અંત સુધીમાં તળાવ આસપાસ પેવર બ્લોકનું કામ શરૂ કરી દેવાશે.

સે-૨૧માંથી ૨૫ કિગ્રા સડેલાં ફળ - શાકભાજીનો નાશ કરાયો

૧૫ કિગ્રાલ પ્લાસ્ટીકની કોથળી જપ્ત : ૭૦૦નો દંડ વસૂલાયો

ગાંધીનગર, તા.૧૪

સે-૨૧ શોપિંગ વિસ્તારમાં આજે ફાયર ઓફિસર સહિત તેમની ટીમે આકસ્મિક તપાસ હાથ ધરી ૨૬ કિલો સડેલા ફળ અને શાકભાજીનો નાશ કર્યો હતો. આ દરમિયાન ૧૫ કિલો પ્લાસ્ટીકનો જથ્થો પણ કબજે લેવાયો હતો. આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ યથાવત રહેશે. તેમ પણ સૂત્રો દ્વારા જણાવાયું છે.

શહેરના શોપીંગોમાં વેચાણ થતા બિનઆરોગ્યપ્રદ ફળ અને શાકભાજીનો નાશ કરવા તેમજ જવાબદાર સામે યોગ્ય દંડનીય કાર્યવાહી હાથ ધરવા તંત્ર દ્વારા ઝૂંબેશ આરંભી દેવાઈ છે. ફાયર ઓફિસર મહેશ મોડ સહિત તેમની ટીમે આજે સે-૨૧ના શોપિંગ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન શોપિંગમાં સડેલા ફળ અને શાકભાજીનો જથ્થો ધ્યાને આવ્યો હતો. તંત્રની ટીમે આ બિનઆરોગ્યપ્રદ ૨૧ કિલો ફળ અને શાકભાજીના જથ્થાનો નાશ કર્યો હતો. આ દરમિયાન શહેરને પ્લાસ્ટીક મુકત બનાવવાના અભિયાનના ભાગરૂપે તંત્રની ટીમ દ્વારા સે-૨૧ના શોપિંગમાંથી ૧૦ કિલો પ્લાસ્ટીકનો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સે-૧૧ સ્થિત ડોમીનોઝ પિઝા સેન્ટર પરથી પણ ૫ કિલો પ્લાસ્ટીક બેગ કબજે લેવામાં આવી હતી. શહેરમાંથી ૧૫ કીલો પ્લાસ્ટીક બેગ કબજે લઈ રૂ. ૭૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. શહેરમાં વેચાણ થતી બિન આરોગ્યપ્રદ ખાદ્યસામગ્રી તેમજ પ્લાસ્ટીકની કોથળીના ઉપયોગને અટકાવવા ગઈકાલે મ્યુનિ. કમિશનર ખરસાણે જરૂરી પગલાં લેવા સૂચના આપી હતી. જેના પરીણામે તંત્રની ટીમે આજે શોપીંગ વિસ્તારમાં દરોડો પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આગામી દિવસોમાં પણ આ ઝૂંબેશ યથાવત રહેશે.

હાર્દિક અભિનંદન

રાજુભાઈ રા. રાવલ (ઉનાવા)

ઉનાવાના વતની શ્રી રામશંકર અંબાલાલ રાવલના સુપુત્ર અને હાલમાં ગોધરા ખાતે અધિક કલેક્ટર તરીકે ફરજ બજાવતા રાજુભાઈ રાવલની ભારત સરકાર તથા રાજ્ય સરકારશ્રી દ્વારા હેગ સીટી નેધરલેન્ડ ખાતે ઉચ્ચ વિદેશની તાલીમ માટે પસંદગી થવા બદલ અમો હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. નેધરલેન્ડ ઉપરાંત ઈંગ્લેન્ડ, ડેન્માર્ક, ફ્રાન્સ, બેલ્જીયમ અને સ્વીટ્ઝરલેન્ડ જેવા અન્ય યુરોપીયન દેશોનો પ્રવાસ કરવાનું પણ આપનું આયોજન છે જેથી આપના વિદેશ પ્રવાસને અમો સૌ મિત્રો હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવીએ છીએ.

શુભેચ્છક

મહેશકુમાર વી. બારોટ (ઉપસરપંચ, ઉનાવા) સુરેશભાઈ એસ. પટેલ (સોનુ ટ્રેડર્સ, ઊંઝા)

ટચુકડી જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, સેક્ટર-૨૫, "ક" રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ટેન્ડર નોટીસ - વાર્ષિક ધોરણે કોન્ટ્રાક્ટ આપવાના છે

ઉપરોક્ત સહકારી સંસ્થા માટે નીચે પત્રમાં જણાવ્યા મુજબના તા. ૧/૫/૧૨ થી તા.૩૦/૪/૧૩ સુધીનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. કામગીરીના પ્રકારના આધારે સરકારી નિયમો અને લાગુ પડતા કાયદા મુજબ, પરમેનન્ટ ઈન્કમટેક્ષ નંબર, વેટ નંબર, સર્વિસ ટેક્ષ તેમજ લગત કામગીરી અંગેનો અનુભવ ધરાવતા, રસ ધરાવતા ઈસમ / પાર્ટીઓએ નીચે પત્રમાં જણાવેલ તારીખોએ ટેન્ડર ફોર્મ, ટેન્ડર ફોર્મ ફી (નોન-રીફન્ડેબલ) રોકડેથી ઉક્ત સંસ્થાની હિસાબી શાખામાં ભરી રૂબરૂમાં કચેરી સમય દરમિયાન મેળવી લેવાના રહેશે અને ભરેલ સીલબંધ ટેન્ડર ફોર્મ નીચે જણાવ્યા મુજબ ટેન્ડર ડિપોઝીટનો "ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ."ના નામનો ડી.ડી. સાથે નીચે જણાવેલ તારીખ અને સમય સુધીમાં અત્રેની સંસ્થામાં રૂબરૂમાં પહોંચાડવાનું રહેશે. ત્યારબાદ મોડી આવેલા ભરેલા ટેન્ડર ફોર્મ કોઈપણ સંજોગોમાં સ્વીકારાશે નહિ. ભરેલા ટેન્ડર ફોર્મમાં સીલબંધ કવર પર જે તે ટેન્ડરના નામની વિગત અચુક લખવાની રહેશે. આવેલ ટેન્ડર / ઓફર / ભાવ સ્વીકારવો કે નહિ તેનો અબાધિત અધિકારી મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ક્રમ	ટેન્ડરની વિગત	ટેન્ડર ફોર્મ ફી (નોન રીફંડેબલ)	ટેન્ડર ફોર્મ સાથે ટેન્ડર ડિપોઝીટ પેટે ભરવાની ડી.ડી.ની રકમ રૂ.	ટેન્ડર ફોર્મ મેળવવાની તારીખ અને સમય	ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય
૧.	ઈલે. મોટર રીવાઈન્ડીંગ એન્ડ રીપેરીંગ	૫૦૦/-	૫૦૦૦/-	તા. ૧૮-૪-૧૨ થી ૨૪-૪-૧૨ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી	તા. ૨૫-૪-૧૨ બપોરના ૧૫-૦૦ કલાક સુધી
૨.	ડીપ કુલર, એ.સી. અને એઈજીગવાટ તેમજ કેન્ડી ટેન્કના મેઈન્ટેનન્સ અને રીપેરીંગ	૫૦૦/-	૫૦૦૦/-	તા. ૧૮-૪-૧૨ થી ૨૪-૪-૧૨ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી	તા. ૨૫-૪-૧૨ બપોરના ૧૫-૦૦ કલાક સુધી
૩.	કુરીયર સર્વિસ	૫૦૦/-	૫૦૦૦/-	તા. ૧૮-૪-૧૨ થી ૨૪-૪-૧૨ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી	તા. ૨૫-૪-૧૨ બપોરના ૧૫-૦૦ કલાક સુધી
૪.	ઝેરોક્ષ મશીનનું મેઈન્ટેનન્સ અને રીપેરીંગ	૫૦૦/-	૫૦૦૦/૦	તા. ૧૮-૪-૧૨ થી ૨૪-૪-૧૨ સાંજના ૫-૦૦ વાગ્યા સુધી	તા. ૨૫-૪-૧૨ બપોરના ૧૫-૦૦ કલાક સુધી

મેનેજીંગ ડિરેક્ટર

નોટીસ
સાંચા કામ સબબે તારીખ ૧૬-૪-૧૨, સોમવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.
૧. હેન્ડલુમ ટેકનોલોજી સેક્ટર-૧૧
સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ફર્નિચર ભાડે મળશે
ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.
મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

SANCHI CEMENT, KISAN, BENELAYE, H.FIXIT, VENTURE 500 TMT BARS - ISI, SANCHI STEEL - ISI, ashirvad C. PVC, UPVC, TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સીમેન્ટ, TMT સ્ટીલ સ્પે. કપચી-ગ્રીટ, ડેકોરેટીવ નળીયા, સેનેટરી, પાઈપ ફીટીંગ, ઈંટોના જથ્થાબંધ તેમજ છૂટક સપ્લાયર્સ
દેશ કી શાન કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વોલીટી
અલ્ટ્રાટેક સિમેન્ટ
સ્ટોકિસ્ટ Build the trust Since 1983 કૈલાસ ટ્રેડર્સ Steel Tiger (લોદરા વાળા)
૯૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૭ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com